## સમાચાર સંક્ષેપ

### ફિલ્મના લેખકે સાતમા માળેથી ઝંપલાવ્યું

*મુંબઈ:* અબ તક છપ્પન પાર્ટ-ટુમાં આસિસ્ટન્ટ ડિરેક્ટર રહી ચૂકેલા બબ્બે શૉર્ટ ફિલ્મના લેખકે ઈમારતના સાતમા માળેથી કૂદકો મારી કથિત આત્મહત્યા કરી હોવાની ઘટના અંધેરી પશ્ચિમમાં બની હતી. વર્સોવા પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ રવિશંકર આલોક (૩૨) તરીકે થઈ હતી. રવિશંકર વર્સોવા સ્થિત વસંત ટાવર એપાર્ટમેન્ટમાં રહેતો હતો. લેખક તરીકે બોલિવૂડમાં જાણીતો રવિશંકર બુધવારે સવારે ઘરમાં એકલો જ હતો. બપોરે બે વાગ્યાની આસપાસ તેણે ઈમારતમાંથી નીચે પડતું મૂક્યું હતું. અવાજ સાંભળી દોડી આવેલા સિક્યોરિટી ગાર્ડે સોસાયટીના પદાધિકારીઓ અને પોલીસને ઘટનાની જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચી વર્સોવા પોલીસે બેભાન રવિશંકરને નજીકની કૂપર હૉસ્પિટલમાં ખસેડ્યો હતો, જ્યાં ફરજ પર હાજર તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાસ્થળેથી સ્યુસાઈડ નોટ મળી ન હોવાથી રવિશંકરના આ પગલા પાછળનું કારણ જાણી શકાયું નહોતું.

### ડીપીઃ મુંબઈના નકશા વેબસાઈટ પર

*મુંબઈ:* મુંબઈ મહાનગરપાલિકા તરફથી તૈયાર કરવામાં આવેલા ડૅવલપમેન્ટ પ્લાન-(ડીપી) ૨૦૩૪ના હાલમાં જ મંજૂરી મળી છે. તે મુજબ રાજ્ય સરકાર તરફથી પાલિકાને મળેલા શહેરના નકશા નાગરિકોની માહિતી માટે પાલિકાએ તેને પોતાની વેબસાઈટ પર જાહેર કર્યા છે. Portal.mcgm.gov.in અને www.mcgm.gov.in આ વેબસાઈટ પર તેમ જ પાલિકાના મુખ્યાલયમાં સભાગૃહ નંબરમાં તે ઉપલબ્ધ છે એવું પાલિકાએ બુધવારે જાહેર કર્યું હતું. આ નકશા પર નાગરિકો પાંચ ઑગસ્ટ સુધી પોતાના વાંધા-વચકા નોંધાવી શકાશે. ૮ મેના રોજ ડૅવલપમેન્ટ પ્લાન ૨૦૩૪ને રાજ્ય સરકારની અધિસૂચના દ્વારા અમુક ફેરફાર કરીને મંજૂરી આપી હતી.

### ભીમા-કોરેગાંવ હિંસાની સાક્ષીની હત્યા ન થઈ હોવાનો અહેવાલમાં ખુલાસો

*મુંબઈ:* ભીમા-કોરેગાંવ ખાતે થયેલી હિંસાની સાક્ષી પૂજા સકાતનું મત્યુ હત્યાથી ન થયું હોવાનું પૉસ્ટમોર્ટમના અહેવાલથી સાબિત થાય છે, તેમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વિધાન પરિષદમાં જણાવ્યું હતું. ૧૯ વર્ષીય પૂજાનો મૃતદેહ કૂવામાં તરતો મળ્યો હતો. પુણે જિલ્લામાં થયેલી હિંસા દરમિયાન પૂજાનું ઘર બાળી નાખવામાં આવ્યું હતું. દલિત નેતા પ્રકાશ આંબેડકરે આ ઘટનાની તપાસની માગ કરી હતી. ફડણવીસે જણાવ્યું હતું કે પૂજાના પૉસ્ટમોર્ટમ રિપોર્ટથી સ્પષ્ટ થાય છે કે તેની હત્યા થઈ નથી. પોલીસ આ કેસને ગંભીરતાથી લઈ રહી છે અને દોષીઓને સખત સજા થશે.

### શાકભાજી અને ફળોમાં ભાવવધારો

*મુંબઇ:* છેલ્લા ત્રણ દિવસથી મુશળધાર વરસાદી વાતાવરણને કારણે વાહનવ્યવહાર ઠપ થઇ જતા શાકભાજીની આવકમાં ઘટાડો અને તેના ભાવમાં વધારો થતાં મુંબઇગરાને વધુ એક ફટકો લાગ્યો છે. સોમવાર અને મંગળવારે ધોધમાર વરસાદને લીધે મુંબઇ સહિત થાણે અને પાલઘર જિલ્લામાં પૂર જેવી સ્થિતિ ઊભી થતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ થઇ જતાં ફળો અને શાકભાજી માર્કેટમાં પહોંચી શક્યા નહોતા, પરિણામે રહેવાસીઓને નછૂટકે વધારે ભાવમાં શાકભાજીની ખરીદી કરવી પડતી હતી. શાકભાજીમાં ખાસ કરીને બટેટા, કાંદા, ટમેટા, ભીંડા સાહિત અન્ય લીલા શાકભાજીના ભાવમાં તોસ્તાન વધારો થયો હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. મેઘરાજાની મહેરને કારણે હવે મુંબઇમાં વાતાવરણ સામાન્ય થઇ ગયું હોવાથી હવે રેલવ્યવહાર અને વાહનવ્યવહાર નિયમિતરૂપે ચાલી રહ્યો છે. જોકે, હવામાન વિભાગે ફરીથી ભારે વરસાદની આગાહી કરી છે.

### મલાડમાં મેટ્રોની ક્રેન ખોટકાતા વેસ્ટર્ન ઍક્સપ્રેસ જામ

*મુંબઈ:* મલાડમાં પુષ્પા પાર્ક ખાતે મેટ્રો ક્રેન ખોટકાતા વેસ્ટર્ન ઍક્સપ્રેસ હાઇ-વે પર બુધવારે સવારે ભારે ટ્રાફિકજામની સમસ્યા સર્જાઇ હતી. મેટ્રો ક્રેન તૂટી પડતાં વેસ્ટર્ન ઍક્સપ્રેસ હાઇવે પર માગાથાણે સુધી ટ્રાફિક સર્જાયો હોવાનું મુંબઈ પોલીસે ટ્વીટ કરીને જણાવ્યું હતું. સતત બે દિવસ સુધી ભારે વરસાદ પડતા શહેરના અનેક રસ્તા પર પાણી ફરી વળ્યાં હતાં, પરિણામે ટ્રાફિકજામ થયો હતો. જોકે, બુધવારે વરસાદે વિરામ લેતા ટ્રાફિક હળવો થવાની આશા હતી, પરંતુ ક્રેન દુર્ઘટનાને કારણે વેસ્ટર્ન ઍક્સપ્રેસ હાઇવે પર ટ્રાફિકની સમસ્યા સર્જાય હતી. ટ્રાફિકને હળવો કરવા માટે ક્રેન હટાવવાની કામગીરી હાથ ધરીને ટ્રાફિકને હળવો કર્યો હતો.

### આઇઆઇટી ગ્રેજ્યુએટ્સને વર્ષે ₹ ૧૦ લાખની ઑફર

*મુંબઈ:* આઇઆઇટી-બૉમ્બેના વિદ્યાર્થીઓના ગયા વર્ષના પ્લેસમેન્ટમાં ઘટાડો થયાં પછી સૌપ્રથમ વખત સાત આંકડા (૧૦ લાખ)ના પગારની ઑફર કરવામાં આવી છે. સરેરાશ એક વિદ્યાર્થીને ઑફર કરાતા વાર્ષિક પગારમાં રૂ. ૯.૩ લાખથી રૂ. ૧૦.૨ લાખનો વધારો જોવા મળ્યો હતો. આ બાબત વર્ષ ૨૦૧૭-૧૮ના ઇન્સ્ટિટ્યૂટના પ્લેસમેન્ટ રિપોર્ટ પરથી જાણવા મળી હતી. વર્ષ ૨૦૧૭-૧૮માં આઇઆઇટી-બૉમ્બેના ગ્રેજ્યુએટને સૌથી વધારે પેકેજ રૂ. ૧.૩૯ કરોડનું પ્રાપ્ત થયું હતું. તે સિવાય અન્ય કંપનીઓએ ૯૯.૮૭ લાખના વાર્ષિક પગારની ઑફર આપી હતી. આઇઆઇટી-બૉમ્બેના ગ્રેજ્યુએટને સરેરાશ ૧૦.૨ લાખ જેટલા પગારવાળી નોકરી ઑફર થઇ હતી.

### દીપડાનું ચામડું વેચનારા બે જણ પકડાયા

*થાણે:* થાણેમાં દીપડાનું ચામડું રૂ. ૧૦ લાખમાં વેચવા માટે આવેલા બે જણને થાણે ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડ્યા હતા. પકડાયેલા બંને વિરુદ્ધ નૌપાડા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. થાણે પશ્ચિમમાં તળાવપાડી ખાતેની આમ્રપાલી હૉટેલ નજીક બે જણ દીપડાનું ચામડું વેચવા માટે આવવાના છે, એવી માહિતી થાણે ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૧ના અધિકારીઓને મળી હતી. આથી પોલીસ ટીમે મંગળવારે ઉપરોક્ત સ્થળે છટકું ગોઠવી કિશોર સહિત બે જણને તાબામાં લીધા હતા. મોટરસાઇકલ પર આવેલા બંનેની ઝડતી લેવાતાં દીપડાનું ચામડું મળી આવ્યું હતું. એક આરોપીની ઓળખ દીપક ગોપાલ થાપા (૨૦) તરીકે થઇ હોઇ તે નાગપાડાનો રહેવાસી છે.

### પોલીસની વૉકીટૉકી આંચકીને ભાગેલા છ નશાખોર પકડાયા

*ભાયંદર:* તુલિંજ પોલીસ સ્ટેશનની હદમાં ફરજ પર હાજર પોલીસ કોન્સ્ટેબલ સાથે ધક્કામુક્કી કર્યા બાદ તેના હાથમાંથી વૉકીટૉકી આંચકીને ભાગેલા છ નશાખોરને પોલીસે પકડી પાડ્યા હતા. પ્રાપ્ત માહિતી મુજબ વસઇ-વાલિવ વિસ્તારમાં સાર્વજનિક સ્થળે અમુક યુવકો નશો કરતા હોવાની અને મહિલાઓની છેડતી કરતા હોવાની ફરિયાદ મળ્યા બાદ તુલિંજ પોલીસ સ્ટેશનનો કોન્સ્ટેબલ વૈભવ ગોરખ કાકડે ૮ જુલાઇએ સાંજે ત્યાં ગયો હતો, ત્યારે રામરહીમ ટાવર પાસે આરોપીઓએ કોન્સ્ટેબલ સાથે ધક્કામુક્કી કરી હતી અને તેના હાથમાંથી વૉકીટૉકી આંચકીને તેઓ ભાગી છૂટ્યા હતા. આ પ્રકરણે તુલિંજ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો અને પોલીસે ત્યાર બાદ ફરાર છ નશાખોરોને પકડી પાડ્યા હતા. ■

# રેલવે ટ્રેક ઊંચા કરવાનો નિર્ણય વ્યવહારુ નહીં હોવાનો રેલવેનો બચાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* રેલવે ટ્રેક પર પાણી ભરાતા રેલ વ્યવહાર ખોરવાતો હોવાથી ટ્રેકની ઊંચાઇ વધારવાનો પર્યાય વ્યાવહારિક નહીં હોવાનો મત રેલવે વર્તુળમાં વ્યકત થઇ રહ્યો છે. મુંબઈ હાઇ કોર્ટે ટ્રેક પણ પાણી ભરાવાની સમસ્યાના બદલ ટ્રેકની ઊંચાઇ વધારવાનું કરેલુ સૂચન વિચારણા હેઠળ છે.

રેલવે ટ્રેકની ઊંચાઇ વધારતા ટ્રેક પર આવતા પુલની ઉંચાઇ અને ઑવરહેડ નાયર માટે આવશ્યક સુરક્ષિત અંતર, વગેરે બાબતનો વિચાર કરવો પડે એમ છે. ટ્રેકની ઉંચાઇ વધારવા માટે સંપૂર્ણ રચનામાં ફેરફાર કરવો પડશે, તેથી સંપૂર્ણ રચનાને બદલવા કરતા નાળાની સફાઇ તેમ જ તેની પહોળાઇ વધારવા પર ધ્યાન આપવું જોઇએ.

મધ્ય, પશ્ચિમ, હાર્બર લાઇન પર રોજની ત્રણ હજારથી વધુ ટ્રેનની સર્વિસ દોડાવાય છે. વરસાદમાં અનેક વાર ટ્રેક પર પાણી ભરાતા રેલ વ્યવહાર ઠપ થઇ જાય છે. આ અંગેની એક જનહિતની અરજી પર હાઇ કોર્ટે ટ્રેકની ઊંચાઇ વધારવાનું સૂચન કર્યું હતું.

આ સૂચનાના અમલમાં શહેરની સ્થિતિ, રેલવે ટ્રેકની રચના, નીચાણવાળા વિસ્તાર, રેલ માર્ગ પર આવેલા પુલ, ઑવરહેડ વાયર અને પુલ વચ્ચેનું અંતર, સિગ્નલ સિસ્ટમ, જેવી અસંખ્ય વસ્તુને ધ્યાનમાં રાખવી પડે એમ છે.

ટ્રેક પર જમા થતા પાણી માટે માત્ર વરસાદ જ નહીં, પરંતુ નાળામાંથી આવતુ પાણી પણ કારણભૂત છે. આ નાળાની સાફ સફાઇ તેમ જ તેની સંખ્યામાં વધારો કરવાનું પણ આવશ્યક છે. શહેરમાં જનજીવન ન ખોરવાય તે માટે શહેરના વ્યવસ્થાપન પ્રત્યે ધ્યાન આપવાની જરૂર છે.

શહેરનું વ્યવસ્થાપન યોગ્ય હશે તો પાણીનો ભરાવો થવાની સમસ્યા નહીં સર્જાય. ■



**શ્રદ્ધાંજલિ...** ૭/૧૧ના મુંબઈની લાઇફલાઇન ગણાતી લોકલ ટ્રેનોમાં કરાયેલા ત્રાસવાદી હુમલા દરમિયાન અનેક નિર્દોષ લોકો મોતને ભેટ્યા હતા. આ ઘટનાની ૧૨મી તિથિ નિમિત્તે માહિમ સ્ટેશન પર પીડિતોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. (અમય ખરાડે)

## નાગપુર ડાયરી



# ખેડૂતોની લૉનમાફીની પ્રક્રિયા ઑનલાઈન થશેઃ સરકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* ખેડૂતો માટે જાહેર કરવામાં આવેલી લૉનમાફીની પ્રક્રિયા ઑનલાઈન કરવાના નિર્ણયને યોગ્ય ઠેરવતા રાજ્ય સરકારે જણાવ્યું હતું કે આમ કરવાથી જરૂરિયાતમંદ અને ગરીબ ખેડૂતોને મદદ મળશે. રાજ્ય સરકારે ગયા વર્ષના જૂન મહિનામાં રૂ. ૩૪,૦૦૦ કરોડની લૉનમાફી જાહેર કરી હતી અને તેનો લાભ ૮૯ લાખ ખેડૂતને મળશે, તેમ જણાવ્યું હતું. વિરોધપક્ષોએ આ મામલે સરકારની નિંદા કરતા જણાવ્યું હતું કે આ જાહેરાતને એક વર્ષ વીતી ગયું છતાં ૮૯ લાખ ખેડૂતને લૉનમાફીનો લાભ મળ્યો નથી.

આ મામલે સહકાર ખાતાના પ્રધાન સુભાષ દેશમુખે જણાવ્યું હતું કે સ્ટેટ લેવલ બૅંકર કમિટીએ આપેલા આંકડાઓને આધારે ૮૯ લાખનો આંકડો આપવામાં આવ્યો હતો. અમે ઑનલાઈન અરજી મંગાવી હતી. ૭૭ લાખ ખેડૂતની અરજી મળી હતી અને તેમાંથી ૬૯ લાખ ખેડૂત લૉનમાફી માટે પાત્ર ગણવામાં આવ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે કૉંગ્રેસ-એનસીપીની સરકાર સમયે ૬.૨૫ લાખ અપાત્ર ખેડૂતને રૂ. ૧૫૩ કરોડની લૉનમાફી આપવામાં આવી હતી અને તેથી લગભગ ૪૦ ટકા જેટલા પાત્ર ખેડૂતોને લૉનમાફીનો લાભ મળી શક્યો ન હતો.

ઑનલાઈન પ્રક્રિયા દ્વારા સરકારે રૂ. ૯૯૮ કરોડ બચાવ્યા હોવાનો દાવો પણ દેશમુખે કર્યો હતો. તેમણે વિધાનસભામાં એમ પણ જણાવ્યું હતું કે ૮૮ ટકા તુવેર સરકારે ખરીદી છે અને જે ન ખરીદી શકાઈ તેના ખેડૂતોને ક્વિન્ટલદીઠ રૂ. ૧૦૦૦ આપવામાં આવ્યા છે. ■

### ભીમા-કોરેગાંવ હિંસામાં પકડાયેલાની નક્સલી સાઠગાંઠઃ ફડણવીસ

*નાગપુર:* ભીમા-કોરેગાંવ હિંસા પ્રકરણે ધરપકડ કરવામાં આવેલા લોકો સામે કેટલાક સજ્જડ પુરાવા મળ્યા છે કે તેઓ નક્સલવાદીઓ સાથે સાઠગાંઠ ધરાવે છે, એમ રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે માહિતી આપી હતી અને ઉમેર્યું હતું કે પોલીસને પણ આ કાવતરા અંગે કેટલાક ઇ-મેઇલ મળ્યા છે. વિધાન સભ્ય કપિલ પાટીલે પ્રશ્ન કાળ દરમિયાન ધરપકડ કરાયેલા લોકોમાં એક વકીલ પણ હોવાનો મુદ્દો છેડ્યો હતો.

નક્સલવાદ માટે કૂણી લાગણી ધરાવવી અને નક્સલવાદનો અમલ કરવો એમાં ઘણો તફાવત છે, એમ ફડણવીસે જણાવ્યું હતું. નક્સલવાદીઓ સાથે કડી ધરાવતા પાંચ વ્યક્તિની ગયા મહિને પુણે પોલીસે મુંબઇ, પુણે અને દિલ્હીમાંથી ધરપકડ કરી હતી, જેમાં દલિત કાર્યકર સુધીર ધવલેનો પણ સમાવેશ થતો હતો. (પીટીઆઇ)■

### સીબીએસઇ - એચએસસીના અગિયારમા-બારમા ધોરણનો અભ્યાસક્રમ સમાન બનાવાશે?

*નાગપુર:* એચએસસી અને સીબીએસઇના અગિયારમા અને બારમા ધોરણનો અભ્યાસક્રમ દેશભરમાં એક સ્તરે રહે તે માટે બંને માધ્યમના અભ્યાસક્રમની કડક ચકાસણી કરવા માટે વિશેષજ્ઞોની સમિતિ બનાવવામાં આવશે અને તેમના રિપોર્ટના આધારે નિર્ણય કરવામાં આવશે.

સોમવારે વિધાનસભામાં શિવસેનાના વિધાનસભ્યે એચએસસી બોર્ડના વિદ્યાર્થીઓના કૉલેજમાં પ્રવેશ મેળવવા માટે થતી મુશ્કેલીનો મુદ્દો ઉઠાવ્યો હતો, શિક્ષણ પ્રધાન વિનોદ તાવડેએ આ મુદ્દે જણાવ્યું હતું કે સીબીએસઇના વિદ્યાર્થીઓને એચએસસીના વિદ્યાર્થી કરતાં વધારે ગુણ પ્રાપ્ત થયા છે. સીબીએસઇના ૫૦૦ માર્ક્સ અને એચએસસીનું ૬૫૦ માર્ક્સનું પેપર હોય છે. સીબીએસઇના વિદ્યાર્થીઓ ફક્ત એક જ ભાષામાં અભ્યાસ કરતા હોય છે, પણ એચએસસીના વિદ્યાર્થીઓને બે ભાષાનો અભ્યાસ કરવો પડે છે. એચએસસી બોર્ડના વિદ્યાર્થીઓને ટકા અને દસમા ધોરણ સુધી બૅસ્ટ ઑફ ફાઇવ જેવી કોઇ નીતિ અપનાવામાં આવશે, જેનાથી વિદ્યાર્થીઓને સારા ગુણ પ્રાપ્ત થશે. સીબીએસઇ અને એચએસસી બોર્ડની પેટર્નનું નિરીક્ષણ કરવા માટે શિક્ષણ વિશેષજ્ઞોની સમિતિ બનાવવામાં આવશે અને આ સમિતિને દિવાળી સુધી રિપોર્ટ બનાવવો રહેશે અને રિપોર્ટ બાદ ગુણવત્તાને આધારે નિર્ણય લેવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું. ■

### રત્નાગિરિ રિફાઈનરીની ચર્ચા બાજુ પર મૂકી કૉંગ્રેસ-શિવસેના બાખડ્યા

*મુંબઈ:* રત્નાગિરિ રિફાઈનરીના મુદ્દે કૉંગ્રેસ અને ભાજપનો સાથીપક્ષ શિવસેના આક્રમક બનતા વિધાનસભાને આખા દિવસ માટે મોકૂફ રાખવાની ફરજ પડી હતી.

સભાની શરૂઆત થતાં જ શિવસેનાના વિધાનસભ્ય સુનીલ પ્રભુએ માગ કરી હતી કે તેમના પક્ષના સભ્યોને પહેલા બોલવા દેવાની પરવાનગી આપવામાં આવે, કારણ કે તેમને રિફાઈનરીના વિરોધમાં યોજાયેલા મોરચામાં ભાગ લેવો છે.

તેમની આ માગનો કૉંગ્રેસના નેતા રાધાકૃષ્ણ વિખે પાટીલે વિરોધ કર્યો હતો અને આ મુદ્દે કૉંગ્રેસે પહેલા નૉટિસ આપી હોવાનું જણાવ્યું હતું. કૉંગ્રેસ અને એનસીપીએ સેનાનો વિરોધ કરતા સેનાના સભ્યોએ સૂત્રોચ્ચાર કર્યા હતા અને સભામાં હોબાળો મચાવ્યો હતો. ■

# નકલી દાગીના પર લોન મેળવી ફાઇનાન્સ કંપની સાથે લાખોની ઠગાઇઃ ચાર પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

*થાણે:* નકલી ઘરેણાં પર લોન મેળવીને ફાઇનાન્સ કંપની, ક્રેડિટ સોસાયટી તથા અન્યો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરવા પ્રકરણે થાણેની કલવા પોલીસે સોની સહિત ચાર જણની ધરપકડ કરી હતી. પકડાયેલા આરોપીઓ પાસેથી એક કિલો વજનના નકલી દાગીના તેમ જ રોકડ જપ્ત કરવામાં આવી હોવાનું સુત્રોએ કહ્યું હતું.

કલવા પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ સુશાંત નિશીકાંત સાળવી, રાસબિહારી નીતા ઇમન્ના, લિયાકત અબ્દુલ કાદીર શેખ ઉર્ફે રાજુ શહાની તેમ જ અનિકેત ચંદ્રકાંત કદમ તરીકે થઇ હતી. આરોપીઓ નવી મુંબઈ, કલવા અને ચિપલુણના રહેવાસી છે.

પોલીસના જણાવ્યા અનુસાર આરોપી સુશાંત સાળવીએ તેના મિત્રની મદદથી દાગીના ગિરવે મૂકીને રૂ. ૧.૭૦ લાખની લોન મેળવી હતી. જોકે આ દાગીના નકલી હોવાનું જાણવા મળ્યા બાદ કલવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઇ હતી, જેને પગલે ગુનો દાખલ કરીને પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસે આ કેસમાં સુશાંતની ધરપકડ કરી હતી. સુશાંતની પૂછપરછમાં તેના સાથીદારનાં નામ જાણવા મળ્યા બાદ પોલીસે બાકીના ત્રણને પણ તાબામાં લીધા હતા. આરોપીઓએ આ પ્રમાણે મુથ્થુત ફાઈનાન્સની કલવા, નૌપાડા, દાદર તથા મઝગાંવની ઓફિસ તેમ જ ચિપલુણની બે ક્રેડિટ સોસાયટી સાથે રૂ. ૧૩.૪૫ લાખની છેતરપિંડી આચરી હતી. રાસબિહારી ઇમન્નાએ પોતાના ચિપલુણ ખાતેના ઘરમાં નકલી દાગીના તૈયાર કર્યા હતા, એવું પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું. ■

# વેપારીના પુત્રનું અપહરણ કરીને ખંડણી માગીઃ પોલીસકર્મી સહિત બેની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

*થાણે:* નંદુરબાર જિલ્લાના વેપારીના પુત્રનું અપહરણ કરીને ખંડણી માગવા પ્રકરણે થાણેના પોલીસ કર્મચારી સહિત બે જણની ધરપકડ કરવામાં આવી હતી. પકડાયેલો પોલીસકર્મી થાણેના વર્તકનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો હતો, જ્યારે તેનો સાથીદાર થાણેના રાબોડી વિસ્તારનો રહેવાસી છે. બંને વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો. થાણે ગ્રામીણ પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ દીપક વૈરાગડ અને સોહેલ પંજાબી તરીકે થઇ હતી. વર્તકનગર પોલીસ કોલોનીમાં રહેતો દીપક વૈરાગડ વર્તકનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો હતો. નંદુરબાર જિલ્લાના અક્કલકુવા ખાતેના વેપારીને ખંડણી માટે દીપક વૈરાગડ દ્વારા ધમકી આપવામાં આવી હતી. વેપારીના ૨૨ વર્ષના પુત્રનું અપહરણ કરવામાં આવ્યું હતું અને ત્યાર બાદ ખંડણી માટે ધમકી અપાઇ હતી, જેને પગલે વેપારીએ થાણે ગ્રામીણ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં ગુનો દાખલ કરાયો હતો. આ કેસ બાદમાં કાશીમીરા પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરાયો હતો અને તપાસ ક્રાઇમ બ્રાન્ચને સોંપાઇ હતી. પોલીસની તપાસમાં વેપારીના પુત્રના અપહરણમાં પોલીસકર્મીનો હાથ હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે ત્યાર બાદ બે જણને ઝડપી પાડ્યા હતા અને વેપારીના પુત્રનો છુટકારો કરાવ્યો હતો. આ ગુનાની શરૂઆત વર્તકનગર પોલીસ સ્ટેશનની હદમાં યેઉર ખાતેથી થઇ હોવાનું જણાયા બાદ આ કેસ વર્તકનગર પોલીસને ટ્રાન્સફર કરાયો હતો. આરોપીઓએ વેપારીને પુત્રને યેઉર ખાતે રૂમમાં રાખ્યો હતો અને તેનો અશ્લીલ વીડિયો પણ ઉતાર્યો હતો.■

# ભિવંડીમાં ટેમ્પોએ બાળકને કચડ્યોઃ એમ્બ્યુલન્સ દોઢ કલાકે પહોંચી

*ભિવંડી:* પિતા સાથે રસ્તા પરથી જઇ રહેલી ૧૨ વર્ષના બાળકને ટેમ્પોએ અડફેટમાં લીધો હતો. ભિવંડીના અવચિતપાડા રોડ પર આ અકસ્માત થયો હતો અને એમ્બ્યુલન્સને ઘટનાસ્થળે પહોંચતાં દોઢ કલાક લાગ્યો હતો, ત્યાં સુધી બાળકનો મૃતદેહ રસ્તા પર જ પડ્યો હતો. અકસ્માતમાં મૃત્યુ પામેલા બાળકની ઓળખ વાહીદ હસન સરદાર તરીકે થઇ હતી. વાહીદને લેવા માટે સરકારી એમ્બ્લુલન્સ સમયસર ન પહોંચતાં નાગરિકોમાં રોષ ફેલાયો હતો, જેને પગલે આખા વિસ્તારમાં વાતાવરણ તંગ બન્યું હતું. ભિવંડી ખાતેના અવચિતપાડા રોડ પર બુધવારે સવારે વાહીદ તેના પિતા સાથે જઇ રહ્યો હતો ત્યારે પુરપાટ વેગે આવેલા ટેમ્પોએ વાહીદને અડફેટમાં લીધો હતો અને ટેમ્પોનું ટાયર તેના શરીર પરથી ફરી વળ્યું હતું. આ અકસ્માતમાં વાહીદનું ઘટનાસ્થળે મોત થયું હતું. દરમિયાન અકસ્માતની જાણ થતાં લોકો ઘટનાસ્થળે એકઠા થયા હતા. ત્યાર બાદ પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી અને ટેમ્પોચાલકને તાબામાં લીધો હતો. ટેમ્પોની બ્રેક ફેઇલ થવાથી આ અકસ્માત થયો હોવાનું ચાલકનું કહેવું છે. વાહીદના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં પાઠવાયો હતો.■

# થાણેના ટૂરિસ્ટ સ્થળ પર પ્રતિબંધ

## લોનાવલાના ભુશી ડૅમ પર સાંજના છ વાગ્યા પછી બંધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

*થાણે:* ભારે વરસાદને કારણે પર્યટનસ્થળ પર ખાસ કરીને ઝરણાં, તળાવ અને ડૅમના વિસ્તારમાં ભીડ હોવાને કારણે અકસ્માત થાય છે અને પર્યટકોએ જીવથી હાથ ગુમાવવો પડે છે, એ વાતને ધ્યાનમાં રાખીને જિલ્લાધિકારી ડૉ. મહેન્દ્ર કલ્યાણકરે થાણે જિલ્લાના જલ પર્યટનસ્થળ પર 'નો એન્ટ્રી' જાહેર કરી છે. તે પર્યટન સ્થળના એક કિલોમીટર સુધીના પરિસરમાં ૩૧ જુલાઇ સુધી પ્રતિબંધ જાહેર કર્યો છે.

થાણે તાલુકાના યેઉરના બધા તળાવ, ઝરણાં, કલવા-મુંબ્રા રેતીબંદર, મુંબ્રા બાયપાસના બધા ઝરણાં, ગાયમુખ રેતીબંદર, ઘોડબંદર રેતીબંદર, ઉત્તન સાગરી કિનારાના અને કલ્યાણ તાલુકાના કાંબા પાવશેપાડા, ખડવલી નદી પરિસર, ટિટવાલા નદી પરિસર, સુભેદાર વાડા, ગણેશ ચોપાટીના પરિસરમાં પર્યટકો પર પ્રતિબંધ રખાયો છે.

લોનાવલાના ભુશી ડૅમ તરફ જનારો રસ્તો વાહનો પર સાંજના પાંચ વાગ્યા પછી પ્રતિબંધ રખાયો છે. જોકે, પર્યટકોને સાંજના છ વાગ્યા પછી ડૅમ, ટાઇગર્સ પોઇન્ટ, લાયન્સ પોઇન્ટ પર જવા માટે પ્રતિબંધ મુકાયો છે. તેમ જ શનિવાર, રવિવાર અને સાર્વજનિક રજાના દિવસે લોનાવલા ગામમાં જનારી લક્ઝરી બસ, મિની બસ, ટેમ્પો ટ્રાવેલર જેવા મોટા વાહનો પર પ્રતિબંધ રખાયો છે, એમ પોલીસે જણાવ્યું હતું. ■


Ayushakti
proven health solutions

મફત હેલ્થ કન્સલ્ટેશન કેમ્પ માટે તમારી સોસાયટીમાં અમને બોલાવો!!
(લઘુતમ ૧૦ સભ્યોનું ગ્રુપ)

આયુશક્તિ પરિણામલક્ષી છે

આયુશક્તિનાં સીમાચિહનોઃ

- હઠીલું સાંધાનું દર્દ, ઘૂંટણ અને પીઠ દર્દ, ઉચ્ચ શુગરનો સ્તર, એલર્જી અને છાતીમાં સસણી બોલવી, નિઃસંતાન, ત્વચા અને વાળની સમસ્યા, ગેસ્ટ્રાઈટિસ, આઈબીએસ, બાળકને વારંવાર ઉધરસ, ઠંડી અને એલર્જી, એકાગ્રતાનો અભાવ અને ઘણી બધી અન્ય હઠીલી આરોગ્યની સમસ્યાઓમાં ૨૭ વર્ષથી લોકોને રાહત આપવામાં મદદરૂપ થાય છે.
- વારંવાર એલર્જી અને છાતીમાં સસણી બોલાવવી, નિઃસંતાન, બેચેની-ગમગીની અને ત્વચાની સમસ્યાઓનો ઉપચાર કરવામાં આયુશક્તિનાં ઉત્પાદનોની કાર્યસાધકતા પર સંશોધન પંડિતો દ્વારા આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઓમાં સુપરત કરાયેલા રિસર્ચ પેપર્સ.
- હઠીલું જૂનું સાંધાનું દર્દ-ઘૂંટણ અને પીઠનું દર્દ, છાતીમાં સસણી બોલાવવી અને શ્વાસની સમસ્યાના ઉપચારમાં આયુશક્તિનાં ઉત્પાદનોની અસરકારકતા પર ભારતમાં ચિકિત્સકીય અધ્યયનો.

"Ayushakti Team"

તમારી સોસાયટીમાં **મફત** કન્સલ્ટેશન હેલ્થ કેમ્પ્સ પર વધુ વિગતો માટે જાણવા હમણાં જ કોલ કરો ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૬૬૩૦૦૧ અથવા SMS કરો "AYU" ૫૬૧૬૧ પર.